## વાત ગાંધીનગરની

હજુ ગરમીનો માહોલ થંભતો નથી. ઠંડી ક્યારથી શરૂ થશે એની કોઈ નિશ્ચિતતા કોઈ કહી શકતું નથી છતાંય એકાદ અઠવાડિયામાં બિલ્લીપગે શિયાળો પ્રવેશ કરશે અને હવામાનશાસ્ત્રીઓના કહેવા મુજબ હોળી સુધી ઠંડી પડશે. અત્યારે તો ગાંધીનગરના વાતાવરણમાં ગરમી છે અને રાજકારણમાંય ગરમી છે અને સમાજ જીવનમાં તાવના કેસ વધતા જાય છે એટલે ત્યાંય ગરમી છે.

**મંગળવાર મોળો રહ્યો**

સચિવાલયમાં મંગળવાર હોય એટલે ધારાસભ્યોના ધાડેધાડા હોય. પોતપોતાના મતવિસ્તારમાં કામ કરાવવા ધારાસભ્યો સમર્થકો સાથે ઉમટતા હોય છે પણ છેલ્લા બે મંગળવારથી કોરોનાનો પ્રકોપ વધતાં ટોળા નથી દેખાતા પણ છુટક છુટક ધારાસભ્યો નજરે પડ્યા હતા. જોકે પેટા ચૂંટણીનો પવન ધારાસભ્યોને 'કમલમ્' પાસે જ રોકી લે છે. એટલે રાજકીય દાવપેચનું કેન્દ્ર હમણાં હમણાં કમલમ્ બની રહ્યુ છે. ને ગાંધીનગરને માટે મંગળવાર મોળો રહ્યો.

**સોશિયલ ડીસ્ટન્સીંગ રાજકારણમાં ના હોય**

હજુ તો ગઈકાલે જ ગુજરાત હાઈકોર્ટે રાજકીય નેતાઓ કાયદાથી પર નથી એવી ટકોર કરી નિયમોના ભંગ કરનાર બધા જ નેતાઓ પાસેથી દંડ વસુલવા મૌખિક સુચનાઓ આપી. છેલ્લા ચોવીસ કલાકમાં 'કમલમ્' પાસે કેટલાય રાજકીય ટોળા ઉમટ્યા હતા. પોતપોતાના ઉમેદવારની રજુઆત કરવા ઉમટેલા રાજકીય આગેવાનો એવું કહેતા હતા કે રાજકારણમાં કોઈ પ્રકારનું ડીસ્ટન્સ હોય નહીં ને સોશિયલ ડીસ્ટન્સ તો રાજકારણમાં શક્ય જ નથી. તો આ બધુ કોને કહેવું ને કેવી રીતે કહેવું અને કેવી રીતે અમલ થશે એ તો ૩૩ મણનો 'તો' છે.

**ગરબાની મંજૂરીની ફાઈલ ગરબે ઘુમે છે**

છેલ્લા બે દિવસથી માધ્યમોમાં નવરાત્રીમાં શેરીગરબાની મંજુરી મળી રહ્યાના અહેવાલો પ્રસારિત થાય છે પ્રવક્તાઓ અને માધ્યમોમાં એવું કહેવાય છે કે એકાદ બે દિવસમાં મંજુરી મળશે મળશે. પરંતુ એની ગાઈડલાઈન દિલ્હીથી આવે પછી રાજ્ય સરકાર કેટલા માણસો અને કેટલો સમય મંજુરી આપવી તે જાહેર કરશે..!! ગરબાની મંજુરીની ફાઈલ જ ગરબા ગાય છે.

**મૃત્યુઆંક પણ સાચો નહિ..!?!**

રાજ્ય સરકારની ૫ મી ઓક્ટોબરની કોરોના અંગેની અખબારી યાદીમાં ગાંધીનગરના કોલમમાં ૭૮ મૃત્યુનો આંક દર્શાવાયો છે. ગાંધીનગર સમાચારે મુક્તિધામમાં સાચો આંકડો જાણવાનો પ્રયાસ કરતાં ચોંકાવનારી હકીકત બહાર આવી હતી. ૬ઠ્ઠી તારીખે બપોરે ૩ વાગ્યા સુધીમાં ૩૭૯ કોરોનાગ્રસ્ત મૃતકોના અંતિમ સંસ્કાર કરાયાની નોંધ મુક્તિધામના ચોપડે છે. અહીંયા ૩૦૧નો તફાવત ચોખ્ખે ચોખ્ખો દેખાય છે. પાંચ-પચ્ચીસનો મેળ ના હોય તે સમજાય પરંતુ ૩૦૧નો ફરક આંચકો આપે છે કે સરકાર આટલુ બધુ કેમ છુપાવે છે અને શા માટે છુપાવે છે..? પ્રજા વધુ બેદરકાર રહે એવું ઈચ્છે છે... બેફીકરાઈથી બજારો ધમધમે એમ ઈચ્છે છે સમજાતુ નથી કે આટલો મોટો આંકડો કોના ભલા માટે છુપાવાય છે. સાહેબ..! પ્રજાને કોરોના માટે સાવચેત બનાવવી હશે... ગંભીર બનાવવી હશે તો સાચા આંકડા આપી સાચી વાત કરવી પડશે. ક્યાં સુધી અને કેટલી હદ સુધી ખોટા આંકડા અપાશે..?!

**'અર્ક' આજનો...**

હીરા પારખુ કરતાં પીડા પારખુનું સ્થાન હંમેશા ઉંચુ હોય છે.

# છ મહિના બાદ મનપાની સામાન્ય સભા હાઈબ્રીડ યોજાશે

**સામાન્ય સભામાં સભ્યો ઓનલાઈન પણ જોડાઈ શકશે : વિવાદી બનેલા ભરતીના નિયમો અને નવી જગ્યાઓ મંજૂર કરવાનો મુદ્દો એજન્ડામાં છેલ્લા ક્રમે દર્શાવાયો : ૮ મુદ્દાઓ એજન્ડામાં સમાવાયા**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકાની ૧૩ ઓક્ટો.ના રોજ હાઈબ્રીડ સામાન્ય સભા મળશે.

મેયર રીટાબેન પટેલના અધ્યક્ષસ્થાને બપોરે ૧૨.૩૦ વાગે મનપાના સભાખંડમાં આ બેઠક બોલાવવામાં આવી છે. જે સભ્યોને ઓનલાઈન આ બેઠકમાં હાજરી આપવી હશે તે પણ વર્ચ્યુઅલી જોડાઈ શકશે. આમ મનપાની સામાન્ય સભા હાઈબ્રીડ સામાન્ય સભા મળશે.

૬ માસ કરતાં પણ વધુ સમય પછી આ સામાન્ય સભા મળી રહી છે. વિપક્ષે વારંવાર રજુઆતો કર્યા પછી મેયર દ્વારા આ બેઠક બોલાવવાનો નિર્ણય કરાતાં રાજકીય વર્તુળોમાં ઉત્તેજના જોવા મળી રહી છે.

લાંબા સમય બાદ સામાન્ય સભા મળતી હોવાથી તેમાં ૮ જેટલા મુદ્દાઓ એજન્ડામાં સમાવવામાં આવ્યા છે. જે મનપાના ઈતિહાસમાં અત્યાર સુધી દર્શાવવામાં આવેલ એજન્ડામાં પણ સૌથી વધુ હોવાનું જાણવા મળેલ છે.

આ બેઠકમાં મનપામાં સૌથી વધુ વિવાદાસ્પદ બનેલા ભરતીના નિયમોને બહાલી આપવાનો મુદ્દો એજન્ડામાં આવતો સૌથી છેલ્લો દર્શાવવામાં આવ્યો છે. આ મુદ્દામાં ગાંધીનગર શહેરની હદ વધતાં નવુ મહેકમ મંજૂર કરવાની બાબતને પણ વણી લેવામાં આવી છે.

ભરતીના નિયમોનો વિવાદ ખુબ ચાલ્યો હતો અને પ્રભારી મંત્રીને પણ આ મુદ્દે દરમ્યાનગીરી કરવાની ફરજ પડી હતી. જે ઉલ્લેખનીય છે. આ પછી સ્થાયી સમિતિએ ૧૬-૭-૨૦૨૦ના રોજ તેને બહાલી આપી હતી.

આ બેઠકમાં આમ તો પ્રોપર્ટી ટેક્ષની મુદતમાં વધારો કરવાની સરકારની સૂચનાઓને બહાલી આપવા સહિત વહીવટીય કામગીરી વધુ દર્શાવવામાં આવી છે.

છ મહિના પછી મળી રહેલી આ બેઠકમાં કોરોના વોરિયર્સના સન્માનની વાત જે વિસરી જવાઈ છે તે તેમજ શહેરમાં કોરોનાની સ્થિતિ અંગેની ચર્ચાની વિપક્ષની માંગણીને સ્થાન ન મળ્યુ હોવાથી બેઠક તોફાની બને તેવા સંકેતો મળી રહ્યા છે.

# જેઈઈ એડવાન્સમાં શહેરનો શિવમ પટેલ ટોપ રેન્કર્સ

**નગરના તબીબ દંપતી ડો અલ્પેશ પટેલ અને પુર્વીબેન પટેલના પુત્રએ શહેરમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ**

ગાંધીનગર તા ૬

જે ઈ ઈ એડવાન્સની પરીક્ષાનુ ગઈકાલે પરિણામ જાહેર કરાયુ હતુ જયારે આ પરીક્ષામાં ગાંધીનગરના તબીબ દંપતીના પુત્ર શિવમ અલ્પેશ પટેલે ૨૧૯ મો રેન્ક મેળવી ગાંધીનગરનુ નામ રોશન કર્યુ છે. શિવમ આગળ ડી ટેક એન્જિયરીંગમાં અભ્યાસ કરવાની ખેવના ધરાવે છે. શિક્ષકોના માર્ગદર્શન અને સખત મહેનતના અંતે શિવમે ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કર્યુ છે.

જે ઈ ઈ મેઈન બાદ આઈ આઈ ટી દિલ્હી દ્વારા ગત તા ૨૭ સપ્ટેમ્બરના રોજ જે ઈ ઈ એડવાન્સની પરીક્ષા લેવામાં આવી હતી.જયારે ગઈકાલે આ પરીક્ષાનુ પરિણામ જાહેર કરાયુ હતુ જે ઈ ઈ એડવાન્સના પરિણામના અંતે રાજયમાં ટોપ રેન્કર્સ વધવાની સાથે પાસ થનારાની સંખ્યા ઘટી હોવાનુ ચિત્ર પણ સ્પષ્ટ થયુ છે. આઈ આઈ ટી માં પ્રવેશ માટે રેન્ક મુજબ ગુજરાતમાંથી ૩૫૦ વિદ્યાર્થીઓને સફળતા મળી હોવાનો પણ અંદાજ છે. દેશમાં ૨૩ ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી છે. જયારે આ વર્ષે બેઠકો વધતા વધુ વિદ્યાર્થીઓને અભ્યાસની તક મળે તેવા ઉજ્જવળ સંજોગો પણ છે. જેમાં ગાંધીનગરના શિવમ અલ્પેશ પટેલે પણ ટોપર્સની યાદીમાં સ્થાન મેળવ્યુ છે.

# ગાંધીનગરના ટાઉનહોલનુ આખરે ૧૭ કરોડના ખર્ચે રીનોવેશન કરાશે

**ટાઉનહોલની બેઠક વ્યવસ્થા આરામદાયક બનશે : નવો એ સી પ્લાન્ટ, લાઇટ, સાઉન્ડ સિસ્ટમ, સ્ટેજ અને ફ્લોરીંગ પણ બદલાશે : બે લીફ્ટ પણ નવી મુકાશે**

ગાંધીનગર તા ૬

ગાંધીનગરનો ટાઉનહોલ છેલ્લા બે વર્ષથી મરણપથારીએ છે. ટાઉનહોલના રીનોવેશન માટે અત્યાર સુધી સરકારી કચેરીઓમાં કાગળો ફરતા રહ્યા છે. આખરે ટાઉનહોલને નવા રૂપરંગ આપવા માટે આખરી આયોજન કરી દેવાયુ છે. કલાકારો માટે જોખમી બનેલા સ્ટેજ સાથે ઉંદર બિલાડીનુ ઘર બનેલા ટાઉનહોલમાં શ્રોતાઓને અકળાવનારી બેઠક વ્યવસ્થા અને ગુંગળાવતી ગરમીમાંથી આખરે હવે છુટકારો મળશે. ટાઉનહોલના રીનોવેશન પાછળ રૂ ૧૭ કરોડનો ખર્ચ કરાશે. ટાઉનહોલમાં નવા એ સી પ્લાન્ટ સાથે બે લીફ્ટ પણ મુકાશે. નવી બેઠક વ્યવસ્થા પણ આરામદાયક રહેશે. આગામી દિવસોમાં ટાઉનહોલના રીનોવેશનનુ કામ હાથ ધરાશે.

શહેરના એકમાત્ર ટાઉનહોલનુ આખરે હવે રીનોવેશન કરાશે. ટાઉનહોલના રીનોવેશન માટે છેલ્લા બે ત્રણ વર્ષથી મામલો ગોથે ચઢયો હતો. સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને વેગ આપતા અને કલાકારોને સ્ટેજ પુરુ પાડતો હોલ છેલ્લા ચાર પાંચ વર્ષથી મરણપથારીએ છે. ટાઉનહોલમાં કાર્યક્રમ ચાલુ હોય ત્યારે પણ સ્ટેજ પર અચાનક પડદો

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૪૪ ગામોમાં ડિજીટલ સેવાસેતુ કાર્યક્રમ ૮મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના ૪૪ ગામોમાં ૮મી ઓક્ટો.ના રોજ ડીજીટલ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

**જિલ્લાકક્ષાનો લોન્ચીંગ કાર્યક્રમ ઈસનપુરમોટા ગામે યોજવામાં આવશે**

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આ ડીજીટલ સેવાસેતુનું લોંચિંગ કરવાના છે. જિલ્લાકક્ષાનો આ અંગેનો સમારોહ ગાંધીનગર તાલુકાના ઈસનપુરમોટા ગામે યોજવામાં આવશે. તંત્ર દ્વારા આ અંગેની તડામાર તૈયારીઓ પણ આરંભાઈ છે.

આ ડીજીટલ સેવાસેતુમાં હાલ માત્ર ૨૦ સેવાઓને જ આવરી લેવામાં આવી છે. જિલ્લાના જે ૪૪ ગામોમાં આ સેવાસેતુ કાર્યક્રમ યોજવાનો છે તેમાં કલોલના ૧૦, માણસાના ૧૩, ગાંધીનગરના ૧૦, દહેગામના ૧૦ ગામમાં યોજાશે.

રાજ્ય સરકારે ડીજીટલ સેવાસેતુમાં પ્રથમ તબક્કામાં ૩૩૦૦ ગામોને આવરી લેવાનો નિર્ણય કર્યો છે અને ડિસેમ્બરના અંત સુધીમાં ૮ હજાર જેટલા ગામોને આવરી લેવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

સેવાસેતુ કાર્યક્રમને સારો પ્રતિસાદ મળ્યા પછી રાજ્ય સરકારે કોરોના કાળમાં ડીજીટલ સેવાસેતુ કાર્યક્રમોનું આયોજન કર્યુ છે. આ ડીજીટલ સેવાસેતુ કાર્યક્રમ તંત્રને વધુ ગતિશીલ બનાવશે તેવો દાવો સરકારના સૂત્રોએ કર્યો છે.

# શહેરમાં વધુ ૧૮ સંક્રમિત થયા

**સે. ૭ અને સે. ૨૪ માં ૩-૩ કેસ, જીઈબી અને ૨૩ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૨, ૪, ૫, ૧૪, ૧૬, ૨૧, ૨૭ માંથી કેસો મળ્યા : ૧૧૮૨ લોકો શહેરમાં કોરોનામુક્ત થયા**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૮ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૪૨૩ થઈ છે.

શહેરમાં વધતા જતા કેસોએ તંત્રને હચમચાવી દીધુ છે. શહેરના લગભગ તમામ વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે. જો કે શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે.

સારવાર દરમ્યાન સે. ૨૪માં રહેતા એક નિવૃત્ત કર્મયોગીનું અવસાન થયુ છે. આ સાથે શહેરમાં મૃત્યુઆંક ૨૬ પર પહોંચ્યો છે.

શહેરમાં આજે જીઈબીમાંથી ૨, સે. ૨૪ માંથી ૩, સે. ૭ માંથી ૩, સે. ૨૩ માંથી ૨ ઉપરાંત સે. ૨, ૪, ૫, ૧૪, ૧૬, ૨૧, ૨૭ માંથી કેસો મળ્યા છે. આજે નવ જેટલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે ૮ જેટલી મહિલાઓનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

શહેરમાં આજે મોટી આયુ ધરાવતા વડીલો વધુ સંખ્યામાં કોરોનાની ઝપટે ચડ્યા છે. તંત્રએ મોટી આયુ ધરાવતા લોકોને અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન નીકળવાની અપીલને દોહરાવી છે.

આજે સે. ૨ માંથી ૮૧ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમને સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવેલ છે. સે. ૪ માં રહેતા અને કોન્ટ્રાક્ટર તરીકે ધંધો કરતા ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને પણ સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જીઈબી કોલોનીમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. જીઈબી રહી અભ્યાસ કરતા ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જીઈબી થર્મલ પાવર સ્ટેશનમાં ફરજો બજાવતા ૪૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૨૨ માંથી ૬૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને પણ સારવાર માટે સિવિલમાં દાખલ કરાયેલ છે.

સે. ૨૪ માં આજે વધુ ૩ કેસ નોંધાતા તંત્રની ચિંતામાં વધારો થયો છે. સે. ૨૪ માંથી એક ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરેલ છે. ૨૪ માંથી એક ૭૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# વાવોલની સો વર્ષની વૃદ્ધા સહિત ૧૭ સંક્રમિત થયા

**જિલ્લામાં ૧૯૯૭ લોકો કોરોનામુક્ત થયા : સારવાર દરમ્યાન એકનું મોત : ગાંધીનગરમાં ૮, માણસા-દહેગામમાં ૨-૨, કલોલમાં ૫ કેસ**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૭ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. સારવાર દરમ્યાન વધુ એક દર્દીનું મોત થયુ છે.

ગાંધીનગર તાલુકાના ૫૦ વર્ષીય દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા મોતને લઈ તંત્રની ચિંતા વધી છે. ગ્રામીણ વિસ્તારોમાં મોટી વય ધરાવતા દર્દીઓની સંખ્યાએ પણ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

જિલ્લામાં આજે ગાંધીનગર તાલુકામાં ૮, દહેગામમાં બે, માણસામાં ૨ અને કલોલમાં ૫ કેસ નોંધાયા છે. જો કે રાજ્ય સરકારે જિલ્લામાં આજે ૨૨ કેસ નોંધાયાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. વાવોલમાંથી સો વર્ષની આયુ ધરાવતા વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૭૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

પ્રસિદ્ધ યાત્રાધામ ગણાતા રૂપાલ ગામેથી ૬૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને પણ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

અમીયાપુર ગામેથી ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આલમપુર મિલીટ્રી સ્ટેશનમાંથી પણ ૩૪ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

પેથાપુર ગામેથી ૫૨ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરની જેમજ હોટસ્પોટ બનેલ સરગાસણ ગામેથી આજે બે કેસ મળી

● અનુસંધાન પાન-૭ પર


## શ્રદ્ધાંજલિ

**સ્વ. કમલેશભાઈ વ્યાસ**

મુખ્ય સંગઠક - શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા)

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા)ના મુખ્ય સંગઠક અને બ્રહ્મસમાજના કર્મિષ્ઠ સેવાભાવી અગ્રણી એવા શ્રી કમલેશભાઈ વ્યાસનું તા. ૫/૧૦/૨૦૨૦ના રોજ અકાળે અવસાન થયેલ છે. તે બદલ ગાંધીનગર જિલ્લા મહિલા પાંખ (શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા)) ઘેરા આઘાત સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

પરમાત્મા દિવંગતના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના...

છાયા કે. ત્રિવેદી
(એડવોકેટ એન્ડ નોટરી)
પ્રમુખ

રચનાબેન વી. ઠાકર, મહામંત્રી
જયશ્રીબેન રાજગોર, મહામંત્રી

તથા સમસ્ત મહિલા પાંખની તમામ બહેનો


# શહેરની શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓની પ્રથમ ઓનલાઇન વાર્ષિક પરીક્ષા

**ઓનલાઇન પ્રશ્નપત્ર આપી દેવાયા બાદ વાલીઓ ઉત્તરવહી શાળામાં ધોરણ અને વિષય મુજબ મુકેલી ટ્રેમાં મુકી જાય છે**

ગાંધીનગર તા ૬

ગત માર્ચ મહીનાથી સમગ્ર દેશ કોરોનાના સંક્રમણથી પ્રભાવિત છે. ત્યારે વેપાર ઉદ્યોગો પર પણ કોરોનાના કહેરની માઠી અસર વર્તાઈ છે. કોરોના કાળમાં શાળા કોલેજોમાં અપાતુ પ્રત્યક્ષ શિક્ષણ પણ બંધ છે. ગત ઉનાળુ વેકેશનના અંતે શાળાઓમાં વિદ્યાર્થીઓને પણ માસ પ્રમોશન આપી દેવાયુ હતુ. જો કે ઉનાળુ વેકેશનના અંતે શાળા કોલેજો બંધ રહી હતી પરંતુ સરકારની ગાઈડલાઈન મુજબ ઓનલાઈન શિક્ષણ શરૂ કરી દેવાયુ હતુ ટી વી અને મોબાઈલના માધ્યમથી વિદ્યાર્થીએને ઘરેબેઠા શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. વોટસએપ અને વિડીયોના માધ્યમથી પણ શિક્ષણ કાર્યને વેગ આપવામાં આવી રહ્યો છે. જયારે કોરોનાના કહેર વચ્ચે પરીક્ષાના કાર્યક્રમો પણ વિખેરાઈ ગયા છે. હાલ શાળા કક્ષાએથી ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. ત્યારે પ્રથમ વાર્ષિક પરીક્ષા લેવાનુ


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં

સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ

SURMOUNT HOSPITAL — EMERGENCY 24 HOURS SERVICE

સુવિધાઓ
- આઈ.સી.યુ.ની સુવિધા
- 2D Echo
- અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
- સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
- એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
- મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) — ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર ● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.

આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com